# 6th Round of India-Argentina Foreign Office Consultations

November 24, 2021

# ભારત-આર્જેન્ટિના વિદેશ કચેરી વાટાઘાટોનો 6ઠ્ઠો રાઉન્ડ

નવેમ્બર 24, 2021

ભારત અને આર્જેન્ટિના વચ્ચે વિદેશ કચેરીની વાટાઘાટનો 6ઠ્ઠો રાઉન્ડ 24 નવેમ્બર 2021ના રોજ નવી દિલ્હી ખાતે યોજાયો હતો. શ્રીમતી રીવા ગાંગુલી દાસ, સચિવ (પૂર્વ)એ ભારતીય પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કર્યું જ્યારે આર્જેન્ટિનાના પ્રતિનિધિમંડળનું નેતૃત્વ નાયબ વિદેશ મંત્રી શ્રી પાબ્લો ટેટ્ટામંટીએ કર્યું.

2. ભારત અને આર્જેન્ટિના વચ્ચેના બહુપક્ષીય સંબંધોની સમીક્ષા કરીને, જે 2019માં વ્યૂહાત્મક ભાગીદારીના સ્તરે લઈ જવાયા હતા, બંને પક્ષોએ સંરક્ષણ, અવકાશ, પરમાણુ ઊર્જા, ખનિજો, ઉર્જા (પરંપરાગત અને નવીનીકરણીય), તેલ અને ગેસ (પરંપરાગત તેમજ શેલ), આરોગ્ય અને ફાર્મા, કૃષિ, આયુર્વેદ, વિકાસ સહકાર, વિજ્ઞાન અને ટેકનોલોજી સહિતના પરસ્પર હિતના ઘણા ક્ષેત્રોમાં ચાલુ દ્વિપક્ષીય સહયોગને વિસ્તૃત કરવાના તેમના સંકલ્પની પુનઃ પુષ્ટિ કરી હતી. બંને પક્ષોએ વેપાર અને મૂડીરોકાણને મજબૂત કરવા, વધુ કૃષિ તેમજ ફાર્માસ્યુટિકલ્સ ઉત્પાદનો માટે બજારની પહોંચ, ઇન્ફોર્મેશન ટેક્નોલોજી ક્ષેત્રે સહકાર અને લોકો વચ્ચેના સંબંધોને ગાઢ બનાવવાના પગલાંની ઓળખ કરી હતી.

3. બંને દેશોએ કોવિડ દરમિયાન તેમની પરસ્પર સહાયતાને યાદ કરી હતી અને રોગચાળા સામેની તેમની લડાઈમાં પરસ્પર સહયોગ ચાલુ રાખવાના અને રોગચાળા પછીની રિકવરી માટે સંયુક્ત સંકલ્પનો પુનરોચ્ચાર કર્યો હતો.

4. બંને પક્ષોએ વિવિધ પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર પોતાના મંતવ્યોનું આદાન-પ્રદાન કર્યું અને બહુપક્ષીય મંચોમાં હાલના સંકલનને મજબૂત બનાવવાનો નિર્ણય કર્યો હતો.

5. આ વાટાઘાટો મૈત્રીપૂર્ણ, ઉષ્માપૂર્ણ અને સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં યોજાઈ હતી. બંને પક્ષો બ્યુનોસ એર્સ ખાતે પરસ્પર અનુકૂળ તારીખે આગામી વાટાઘાટો કરવા સંમત થયા હતા.

**નવી દિલ્હી**
**નવેમ્બર 24, 2021**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.